# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ઓપરેશન સિંદૂરની સફળતા અંગેનો અભિનંદન પ્રસ્તાવ વિધાનસભામાં સર્વાનુમતે પસાર
2) રાજ્યના કુલ 91 લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવ્યું - વિધાનસભામાં રાજ્ય સરકારનું નિવેદન
3) ઊર્જા મંત્રી કનુ દેસાઇએ ગૃહમાં જણાવ્યું , કોટેડ વીજ લાઇનથી વીજ વિક્ષેપમાં 70 થી 80 ટકાનો સુધારો થયો
4) રાજ્યમાં વરસાદનો વિરામ - પૂરગ્રસ્ત જિલ્લામાં રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં
5) સુરત શહેરને સ્વચ્છ વાયુ સર્વેક્ષણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં ઓપરેશન સિંદૂરની સફળતા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરાયો. ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસ્તાવ રજૂ કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશ વિરુદ્ધની નાપાક હરકતોનો સજ્જડ જવાબ આપી શકાય તે ઓપરેશન સિંદૂરથી પુરવાર થયું. તેમણે ઉમેર્યું અત્યાધુનિક ટેકનોલોજીની સજ્જતા અને મેક ઇન ઇન્ડિયાની સફળતાનો વિશ્વને ઓપરેશન સિંદૂરથી પરિચય મળ્યો.

. . . . . . . . .

# VIDHANSABHA WATER CONNECTION

રાજ્યના કુલ 91 લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવ્યું છે. વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું છે કે, જ્યારે 2019થી 'જલજીવન' મિશન 'નલ સે જલ' યોજનાના અમલ પછી વર્ષ-2024 સુધીમાં 26 લાખ ઘરોમાં પણ નવા નળ જોડાણ અપાયા છે.

ઉલ્લેખનીય છે કે, ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણ માટે કુલ ખર્ચના 10 ટકા લોકફાળા રૂપે એકત્ર કરવામાં આવતાં , પરંતુ ભૌગોલિક સ્થિતિને કારણે બાકી રહી ગયેલા, ખાસ કરીને આદિજાતિ વિસ્તારો માટે 10 ટકા લોકફાળો રાજ્ય સરકારે ભોગવી આ કામગીરી કરવામાં આવી છે.

. . . . . .

# VIDHANSABHA MVCC CABLE

ખેતરો સુધી વિના વિક્ષેપ વીજ પુરવઠો પૂરો પાડવા વીજ લાઈનના ખુલ્લા તારને અદ્યતન મીડિયમ વોલ્ટેજ કવર્ડ કંડક્ટર - MVCC કેબલ સાથે રૂપાંતરિત કરાઇ રહ્યા છે. ઊર્જા મંત્રી કનુ દેસાઇએ આજે ગૃહમાં જણાવ્યું, કોટેડ વીજ લાઇનથી વીજ વિક્ષેપમાં 70 થી 80 ટકાનો સુધારો થયો છે.

વાવાઝોડા અને ખારાશવાળી હવાને કારણે વારંવાર વીજળીના તાર તૂટી પડવાની કે શોર્ટ સર્કિટ થવાની સમસ્યાઓ રહે છે , તેવા વિસ્તારોમાં પણ MVCC કેબલ નાખવામાં આવી રહ્યા છે. છેલ્લા બે વર્ષમાં સુરતમાં 422 કિલોમીટર અને નવસારીમાં 241 કિલોમીટર લાંબા ખુલ્લા તારને MVCC કેબલ સાથે બદલાયા છે.

. . . . . . . .

# GST REFORMS HOUSING

કેન્દ્ર સરકારે મુખ્ય બાંધકામ સામગ્રી પર GST દર ઘટાડીને આવાસ અને બાંધકામ ક્ષેત્ર માટે મોટી રાહતની જાહેરાત કરી છે. સિમેન્ટ પર અગાઉ 28 ટકા GST હતો તેની પર હવે 18 ટકાનો દર લાગશે. પત્થર , ગ્રેનાઈટ બ્લોક્સ અને રેતી—ઈંટ જેવી વસ્તુઓ પરના દર 12 ટકાથી ઘટાડીને માત્ર પાંચ ટકા કરાયો છે. તેનાથી બાંધકામ સામગ્રીની કિંમત ઘટવાની અપેક્ષા છે. સુરત બિલ્ડર એસોસિએશનના અધ્યક્ષ શ્રેયસ સવાણીએ આ નિર્ણયને આવકાર્યો હતો.

(બાઇટ : શ્રેયસ સવાણી, બિલ્ડર એસોસિએશનના અધ્યક્ષ)

. . . . . . . . . . . . .

# VIDHANSABHA CO-OPERATIVE

સહકારી સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા કુલ 54 ઇનિશિયેટ અને પેક્સને આર્થિક રીતે મજબૂત બનાવવા 14 પહેલ શરૂ કરાઈ છે.

વિધાનસભા ગૃહમાં કૃષિ વિષયક ધિરાણ મંડળીઓ વિશે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લાની પ્રાથમિક કૃષિ વિષયક સેવા સહકારી મંડળીઓમાં 473 પેક્સમાં મોડલ બાયલોઝ , 448 પેક્સને કમ્પ્યુટરાઈઝેશન, 160 પેક્સમાં CSC સેન્ટર જેવી પહેલ શરૂ કરવામાં આવી છે.

. . . . .

# VIDHANSABHA QUESTIONNAIRE

તાપી જિલ્લામાં 35 નવી ઉદ્વહન સિંચાઈ યોજના થકી સોનગઢ અને વ્યારા તાલુકાનાં 28 ગામોના 8 હજાર 761 હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. આજે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્યમંત્રી મુકેશ પટેલે સોનગઢ ઉદ્વહન સિંચાઇ યોજનાથી કુલ 54 ગામોની 24 હજાર 450 એકર જમીન તથા 5 હજાર 700 કુટુંબો સિંચાઇનો લાભ મેળવે છે.

રોજગાર મેળા વિશે ગૃહમાં માહિતી આપતા શ્રમ , કૌશલ્ય, વિકાસ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું , અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ 119 રોજગાર મેળાઓ થકી 20 હજારથી વધુ યુવાઓને રોજગારી મળી છે.

. . . . . . . .

# SHAIKSHANIK

રાજયમાં શિક્ષણ સહાયકની ભરતી અંગે કુલ 818 ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ જાહેર કરાયું છે.

શૈક્ષણિક સ્ટાફની ભરતી પસંદગી સમિતિ દ્વારા શિક્ષણ સહાયક ભરતી વર્ષ-2024 અંતર્ગત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ-286 ઉમેદવારોનું તેમજ રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ-532 ઉમેદવારોનું વેઇટીંગ લિસ્ટ વેબસાઇટ GSERC.IN પર જાહેર કરવામાં આવેલ છે. ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર આગામી સમયમાં શાળા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેની સંબંધિતોએ નોંધ લેવા શૈક્ષણિક સ્ટાફની ભરતી પસંદગી સમિતિ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

# GUJARAT RESCUE

રાજ્યમાં આજે વરસાદે વિરામ લીધો છે ત્યારે ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. બનાસકાંઠા જિલ્લામાંથી એક હજાર 678 લોકોને સફળતાપૂર્વક સુરક્ષિત સ્થળે ખસેડાયા હોવાનું જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યુ.

(બાઇટ : મિહિર પટેલ – જિલ્લા કલેક્ટર)

બનાસકાંઠા જિલ્લામાં તાજેતરની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા વાવ અને સુઈગામ તાલુકામાં આવતીકાલે તમામ આંગણવાડી , શાળાઓ, કોલેજો તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

પાટણ જિલ્લાના વૌવામાં ફસાયેલા 27 લોકો જ્યારે કચ્છ જિલ્લાના ભચાઉના કડોલ ખાતેના કારખાનામાં ફસાયેલા છ લોકોને બચાવી લેવાયા હતા.

. . . . . . .

# NADI MA MOT-BHAVNAGAR

ભાવનગરના ખરકડી ગામના યુવાનનું નદીમાં ડૂબી જતાં મૃત્યુ થયું છે. અમારા પ્રતિનિધિના જણાવ્યા અનુસાર ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા 22 વર્ષીય યુવક કુટુંબીઓ સાથે ખરકડી ગામે ગયો હતો જ્યાં તે નદીમાં નાહવા જતાં અચાનક ડૂબી ગયો હતો. સ્થાનિક લોકોએ તેને બહાર કાઢી હોસ્પિટલ ખસેડયો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

. . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આજથી 15 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે જો કે 24 કલાક દરમિયાન કચ્છમાં ભારે વરસાદની સંભવના છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો માટે , 45 થી 55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.

વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના નિયામક એ .કે. દાસ

**(બાઇટ - A.K.DAS –નિયામક – હવામાન વિભાગ )**

. . . . . . . . . . . . .

# SURAT- CLEAN AIR SURVEY

સુરત શહેરને સતત બીજા વર્ષે સ્વચ્છ વાયુ સર્વેક્ષણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. સમગ્ર દેશમાં સ્વચ્છ વાતાવરણ ધરાવતા શહેરોમાં સુરત શહેરે ત્રીજુ સ્થાન મેળવ્યું છે

નવી દિલ્હી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સમારોહમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના હસ્તે શહેરના મેયર, અને મ્યુનિસિપલ કમિશ્નરને આ પુરસ્કાર આપવામાં આવ્યો.

દેશના 130 શહેરોમાં વાયુ પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસો , કચરા નિકાલની વ્યવસ્થા, વાહન તથા ઔદ્યોગિક ઉત્સર્જનમાં ઘટાડો વિગેરે જેવા માપદંડો સાથે સ્વચ્છ વાયુ સર્વેક્ષણ યોજાયો હતો , તેમાં સુરત ગુજરાત રાજ્યમાંથી પસંદ થયેલું એકમાત્ર શહેર છે.

. . . . . . . . . .

# PRESS COUNCIL

રાજ્યમાં મંડળ કે સંસ્થા દ્વારા કેન્દ્ર સરકારની મંજૂરી વિના 'પ્રેસ કાઉન્સિલ'અથવા 'પ્રેસ પરિષદ' શબ્દનો ઉપયોગ કરી શકાશે નહીં.રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે જે સંસ્થા કે વ્યક્તિ અધિકૃત મંજૂરી વગર આ શબ્દોનો ઉપયોગ કરશે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરાશે.

વધુમાં એમ પણ જણાવાયું છે કે , સંબંધિત સત્તાધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કોઈ સ્થાનિક , સરકારી મંડળ કે સંસ્થાના શિર્ષકમાં પ્રેસ કાઉન્સિલ 'અથવા 'પ્રેસ પરિષદ' શબ્દથી નોંધણી કરવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવી અને જો આવી બાબત ધ્યાનમાં આવે તો તેને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે તેનું ધ્યાન રાખવા પણ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

. . . . . .

# NIMUBEN NEW INITIATIVE

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા દર મહિને દરિયાકાંઠે સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. તેમણે સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુક્ત અભિયાનને જન આંદોલન બનાવવા આ નવી પહેલ કરી છે. હવેથી દરેક મહિનાના છેલ્લા રવિવારે ભાવનગર શહેર અને જિલ્લામાં દરિયાકાંઠે આ અભિયાન હાથ ધરવા સંકલ્પ કર્યો છે , જેમાં પક્ષના પદાધિકારીઓ , આગેવાનો, કાર્યકરો અને સંસ્થાઓ સાથે કેન્દ્રીય મંત્રી પણ જોડાશે. આજે તેમના જન્મદિવસના અવસરથી કોળિયાકના દરિયાકાંઠે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું.

. . .

# MEHSANA ST DEPO

મહેસાણા જિલ્લાના એસટી તંત્ર દ્વારા અંબાજી મેળામાં એક હજાર 151 બસોની વધુ વ્યવસ્થા કરવામાં આવી. સાત દિવસમાં 2 લાખ 22 હજાર કરતા વધુ મુસાફરોએ એસટી બસનો લાભ લીધો હતો. જેને કારણે મહેસાણા એસટી બસ વિભાગને બે કરોડ 40 લાખ રૂપિયાની આવક થઈ છે.

. . . . . . . . .

# DAK ADALAT

અમદાવાદમાં આગામી 26 સપ્ટેમ્બરે સવારે 10 વાગ્યે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલત યોજાશે. સિનિયર સુપરિન્ટન્ડન્ટ ઑફ પૉસ્ટઑફિસ શહેરી વિભાગની કચેરી ખાતે યોજાનારી ડાક અદાલતમાં સિનિયર સુપરિન્ટન્ડન્ટ દરેક ફરિયાદને વ્યક્તિગત રીતે સાંભળશે અને સમસ્યાનું સ્થળ પર જ સમાધાન કરશે. આ ડાક અદાલત માટેની ફરિયાદ લોકોએ આગામી 19 સપ્ટેમ્બર સુધી નવરંગપુરાની કચેરીએ મોકલી આપવાની રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . .